# BHAKTA KAVI
# NARSINH MEHTA UNIVERSITY
## B.Ed./M.Ed. Central Admission Committee -2024




## ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન
## બી.એડ્. કોલેજમાં
## પ્રવેશ મેળવવા માટેની માર્ગદર્શિકા

Fees : ₹200.00

**:: Address ::**
Chairman, B.Ed. / M.Ed. Central Admission Committee,
Bhakta Kavi Narsinh Mehta University
Bhakta Kavi Narsinh Mehta University Road, Khadia, Junagadh
web : https://bknmu.edu.in | email : bed.bknmuni.jnd@gmail.com

# ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ગાન

કોટિ કોટિ વંદન ! અમારાં કોટિ કોટિ વંદન !
તવ ચરણે અમારા શિશ ઝૂકયાં
હે પ્રાણશકિત દ્યુતિ !

કોટિ કોટિ વંદન ! અમારાં કોટિ કોટિ વંદન !

તળેટીથી શિખર લગ જયાં હો ઝગમગ જીવનજયોતિ
જ્ઞાન અને વિજ્ઞાનના ઉઘડે જયાંથી પંથ અનંતિ
ઝંખે જે કલ્યાણ સર્વતોમુખી ભકતકવિ
નરસિંહ મહેતા યુનિવર્સિટી અમારી
પ્રાણશકિત દ્યુતિ

કોટિ કોટિ વંદન ! અમારાં કોટિ કોટિ વંદન !

માનવતાના ગુણ સભર જેની સોહે સંસ્કૃતિ
વિશ્વ લલાટે લખીશું એના ગૌરવની સ્તુતિ
ઉન્નત મસ્તક કરશું સોરઠભૂમિ
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી
અમારી પ્રાણશકિત દ્યુતિ

કોટિ કોટિ વંદન ! અમારાં કોટિ કોટિ વંદન !

આચાર વિચારે ગૌરવશીલ અમ સોરઠની ભૂમિ
સપ્ત નદીનાં નીર થકી પ્રકૃતિ રહેતી ઝૂમી
સર્જકજયોતિ કણકણ ઝળહળતી
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી
અમારી પ્રાણશકિત દ્યુતિ



કોટિ કોટિ વંદન ! અમારાં કોટિ કોટિ વંદન !

# શુભેચ્છા સંદેશ




**પ્રો. (ડૉ.) ચેતન ત્રિવેદી**

**કુલપતિ**

**ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ**


વ્હાલા ભાવિ શિક્ષકો,

ગરવી ગુજરાતના સૌરાષ્ટ્ર પ્રાંતમાં ટૂંકા ગાળામાં શિક્ષણ ક્ષેત્રે આગવી ઓળખ ઉભી કરનાર ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી–જૂનાગઢમાં ભાવી ભારતના ઘડવૈયા તરીકે એક ઉત્તમ શિક્ષક બનવા બે વર્ષીય બી.એડ્./એમ.એડ્. તાલીમી અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા ઈચ્છુક વિદ્યાર્થીઓને હું આવકારતા ગૌરવ અનુભવું છું.

શિક્ષણએ સમાજનો પાયો છે અને સાચો શિક્ષકએ તદુંરસ્ત સમાજનો ઘડવૈયો છે. આપ જ્યારે શિક્ષક વ્યવસાયને કારકિર્દી બનાવવાની નેમ ધરી છે. ત્યારે આપ ખરા અર્થમાં બી.એડ્./એમ.એડ્. ના તાલીમી અભ્યાસક્રમ દરમીયાન મૂલ્યનિષ્ઠ અને બુનિયાદી સંસ્કારોથી સુસંસ્કૃત થઈ શિક્ષાની દિક્ષા પ્રાપ્ત કરો તેવી અભ્યર્થના સાથે શુભેચ્છા છે.

# શુભેચ્છા સંદેશ



**ડૉ. ડી. એચ. સુખડિયા**
કા.કુલસચિવ
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ

આત્મીય વિદ્યાર્થી મિત્રો,

ભક્તકવિ નરસિંહ મહેતા વિશ્વવિદ્યાલયમાં શિક્ષણશાસ્ત્ર અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા અંગેના આપશ્રીના નિર્ણયને હું આવકારૂં છું શિક્ષણશાસ્ત્રના અભ્યાસક્રમમાં આપ સૌ વિદ્યાર્થીઓ ભવિષ્યમાં શિક્ષક તરીકે રાષ્ટ્ર ઘડતરના મૂલ્યવાન કાર્યમાં પોતાની જાતને જોતરશો, સ્વયંનું નિર્માણ કરવાની સાથે મનુષ્ય નિર્માણની પ્રક્રિયામાં જોડાશો એવા પાવન મંગલકારી ભવિષ્યની આ શરૂઆત છે. આપના જીવનની શિક્ષણશાસ્ત્ર અભ્યાસક્રમમાં જોડાવવા અંગેની ક્ષણોને આજીવન સાર્થકતા અને સભરતાનો સથવારો મળે તેવી શુભકામનાઓ પાઠવું છું.

આપ સૌ શ્રેષ્ઠ શિક્ષક બની સમાજમાં સર્વાંગી વિકાસમાં પાયાનું કામ કરો તેવી અભ્યર્થના સાથે...

# શુભેચ્છા સંદેશ



**ડૉ. જય ત્રિવેદી**
**ચેરમેન/નોડલ ઓફિસર**
**બી.એડ્. / એમ.એડ્. મધ્યસ્થ પ્રવેશ સમિતિ**

વ્હાલા વિદ્યાર્થી મિત્રો,

સંત, શૂરા અને શૂરવીરોની પાવન ભૂમી પર કાર્યરત ''ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી–જૂનાગઢ'' માં શિક્ષણ – પ્રશિક્ષણ કાર્યક્રમમાં પ્રવેશ લેવા ઈચ્છુક તમામ વિદ્યાર્થી ભાઈ–બહેનોને અંતઃકરણની શુભેચ્છાઓ.

ભારતવર્ષ જ્યારે નવી શિક્ષણ નિતી–૨૦૨૦ને લાગુ કરી સમગ્ર શિક્ષણ જગતમાં નૂતન પરિવર્તન માટે કટીબધ્ધ છે ત્યારે આપ સૌ ભાવિ–શિક્ષક બનવા માટે શૈક્ષણિક યાત્રાના એક મહત્વના પડાવ પર પહોંચવા જઈ રહ્યા છો. આ તાલીમી કોર્ષમાં પ્રવેશ મેળવી સારી સફળતા સાથે આગળ વધો તેમજ તમારા શિક્ષણ થકી માતા–પિતા, કુંટુંબ, સમાજ અને રાષ્ટ્રનું નામ રોશન કરી શિક્ષકત્વને ઉજાગર કરો તેવી હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું.



# પ્રવેશાર્થીઓ માટેની સૂચના

રાજય સરકાર શિક્ષકોની ભરતી માટે ગુણવત્તા યુક્ત શિક્ષણના સાર્વત્રીકરણના ભાગ રૂપે ટીચર એલીજીબીટી ટેસ્ટ (TET) અને ટીચર એપ્ટીટયુડ ટેસ્ટ (TAT) લઈ રહી છે, આ માટે બી.એડ્. માં જોડાનાર તાલીમાર્થી પહેલેથી જ માહિતગાર થાય અને આવનારા સમયમાં તેને આપવાની રહેતી આ પ્રકારની પ્રવેશ પરીક્ષાઓ માટે સજજ થાય તે હેતુથી ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી - જૂનાગઢે બી.એડ્. ના પ્રવેશ માટે પ્રવેશ પરીક્ષા લેવાનું નકકી કર્યુ છે. આ પરીક્ષાનો હેતુ માત્ર પ્રવેશ મેરીટ તૈયાર કરવા માટે હોવાથી આ પરીક્ષામાં પ્રવેશ પરીક્ષાર્થીનો પાસ કે નાપાસ થવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પરીક્ષાર્થીએ આપેલી પરીક્ષામાં તેણે જે ગુણ મેળવ્યા છે તે ગુણ તેના પ્રવેશ મેરીટ ગુણ બનશે. વિદ્યાર્થીએ એન.સી.ટી.ઈ. ના નિયમાનુસાર સ્નાતક કક્ષાએ અથવા અનુસ્નાતક કક્ષાએ જરૂરી ૫૦% અને રીઝર્વ કેટેગરીના વિદ્યાર્થીઓ માટે ૪૫% ગુણ ફરજિયાત છે. પ્રવેશ પ્રક્રિયામાં કોલેજ પસંદગી સ્નાતક કક્ષાએ કે અનુસ્નાતક કક્ષાએ મેળવેલા ગુણના બદલે પ્રવેશ પરીક્ષામાં મેળવેલ ગુણના આધારે પ્રવેશ આપવામાં આવતો હોવાથી સ્નાતક કે અનુસ્નાતક કક્ષાએ જે વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાના છે તે વિદ્યાર્થીઓ આ પ્રવેશ ફોર્મ ભરી શકશે અને બી.એડ્. ની પ્રવેશ પરીક્ષા આપી શકશે. પ્રવેશ પરીક્ષા બાદ વિદ્યાર્થી કોલેજમાં પ્રવેશ મેળવે અને સ્નાતક કે અનુસ્નાતક કક્ષાએ જરૂરી ગુણ મેળવવામાં નિષ્ફળ રહે તો તેનો પ્રવેશ રદ થશે.

આ પરીક્ષા વિદ્યાર્થીએ બે વિભાગમાં પરીક્ષા આપવાની છે. જેમાં વિભાગ-૧ બધા જ વિષયના વિદ્યાર્થીઓ માટે સમાન રહેશે. આ વિભાગમાં ૫૦ પ્રશ્નો પુછવામાં આવશે. આ ૫૦ પ્રશ્નો જુદાજુદા વિભાગમાં વહેંચવામાં આવ્યા છે જેની વિગત પાના નં. ૨ પરથી સમજી શકાશે. વિભાગ-૨માં વિદ્યાર્થીના સ્નાતકના વિષયને ધ્યાનમાં રાખી તેને જે વિષયમાં બી.એડ્. માં પ્રવેશ મળવાપાત્ર છે તે વિષયને અનુરૂપ ૫૦ ગુણના પ્રશ્નોના જવાબ આપવાના રહેશે. આ અંગેના અભ્યાસક્રમની વિગતો પાના નં. ૨-૩ પર સમજાવવામાં આવી છે. જેમાં કયા ધોરણના પાઠયપુસ્તકના કયા પ્રકરણનો સમાવેશ કરવામાં આવેલ છે તેની સ્પષ્ટતા કરવામાં આવી છે. આ બધા જ પ્રશ્નો MCQ પદ્ધતિના રહેશે. આ પરીક્ષામાં વિદ્યાર્થીઓએ કેલ્કયુલેટર, મોબાઈલ કે અન્ય કોઈ ઈલેકટ્રોનિકસ સાધનોનો ઉપયોગ કરવાનો નથી.

આ પ્રકારની પરીક્ષાઓમાં એક સરખા ગુણ ઘણા વિદ્યાર્થીઓને આવતાં હોય છે, જો પ્રવેશગુણ સરખા હશે તો નીચે મુજબના ક્રમ પ્રમાણે ક્રમશઃ કાર્યવાહી કરીને અગ્રતા ક્રમ નકકી કરવામાં આવશે. (૧) ધોરણ-૧૨ના ગુણ. (૨) ધોરણ-૧૦ના ગુણ. (૩) જન્મ તારીખ (જે મોટા હોય તે)

એન.સી.ટી.ઈ.ના પ્રવેશ તથા અભ્યાસક્રમના પ્રવર્તમાન નિયમો તેમજ તેમાં ભવિષ્યમાં થનારા કોઈપણ પ્રકારના ફેરફારો પ્રવેશાર્થીઓને બંધન કર્તા રહેશે.

નોંધ : મધ્યસ્થ બી.એડ્. પ્રવેશ માટે ફોર્મ ભરેલ પ્રવેશાર્થીએ પસંદ કરેલ કોલેજમા અધ્યાપકની શૈક્ષણિક માન્યતાની ખરાઈ બાદ જે-તે કોલેજમા ફાળવવામા આવેલ વિષય મુજબ પ્રવેશાર્થીએ પસંદ કરેલ કોલેજમા જો તે વિષય ચાલતો હશે તો મેરીટના ધોરણે જે-તે કોલેજમા પ્રવેશપાત્ર ગણવામાં આવશે. પસંદ કરેલ કોલેજ પૈકી કોઈ કોલેજમા પ્રવેશાર્થીના વિષયની ફાળવણી કરવામાં આવેલ ન હોય તેવા સંજોગોમા પસંદગીના ઉતરતા ક્રમમા પ્રવેશ મળવાપાત્ર રહેશે જેની ખાસ નોંધ લેવી.

# પ્રવેશ પરીક્ષા અંગેની માહિતી

(૧) પરીક્ષાર્થીએ કોઈપણ પ્રકારની સ્પષ્ટતા માટે હેલ્પલાઈન નં. 94085 89839 પર સંપર્ક કરવાનો રહેશે.

(૨) આ પ્રવેશ પરીક્ષાના કેન્દ્રો નીચે મુજબ છે.

| સેન્ટર | કોડ |
|---|---|
| જૂનાગઢ | ૦૧ |
| વેરાવળ | ૦૨ |
| પોરબંદર | ૦૩ |

| સેન્ટર | કોડ |
|---|---|
| ઉના | ૦૪ |
| જામખંભાળીયા | ૦૫ |
| કોડીનાર | ૦૬ |

| સેન્ટર | કોડ |
|---|---|
| માણાવદર | ૦૭ |
| માંગરોળ | ૦૮ |

નોંધ : (૧) પ્રવેશ પરીક્ષા પહેલા યુનિવર્સિટીની Website : https://www.bknmu.emli.in પરથી ફોર્મ નંબર અને જન્મ તારીખ નાખી નિયત સમયે હોલ ટીકીટની પ્રિન્ટ કરી લેવી.

# બી. એડ્. પ્રવેશ પરીક્ષા માટેનું માળખું

બી.એડ્. પ્રવેશ માટેની પરીક્ષાનું પ્રશ્નપત્ર બે વિભાગમાં વહેંચાયેલ હશે. વિભાગ-૧ તમામ વિદ્યાર્થીઓ માટે એક સમાન હશે અને વિભાગ-૨ વિદ્યાર્થીના સ્નાતક વિષયને ધ્યાનમાં રાખી તેને જે વિષયમાં બી.એડ્. માં પ્રવેશ મળવાપાત્ર છે, તે વિષયને અનુરૂપ હશે. વિભાગ-૧ માં ૫૦ ગુણનું પ્રશ્નપત્ર હશે અને વિભાગ-૨ માં ૫૦ ગુણનું પ્રશ્નપત્ર હશે. વિદ્યાર્થીએ આ માટે OMR પ્રકારની ઉત્તરવહીમાં અપાયેલ સુચના અનુસાર ઉત્તર આપવાના રહેશે. પરીક્ષા બાદ https://www.bknmu.emli.in ની વેબસાઈટ ઉપર Answer Key મૂકવામાં આવશે. જેના આધારે વિદ્યાર્થી પણ પોતાના પ્રવેશ ગુણાંક નકકી કરી શકશે.

## બી.એડ્. પ્રવેશ પરીક્ષા : ૨૦૨૪નો અભ્યાસક્રમ
## વિભાગ-૧ (તમામ વિદ્યાર્થીઓ માટે)

કુલ પ્રશ્ન : ૫૦ — કુલ ગુણ : ૫૦

| ક્રમ | પ્રશ્નોની વિગત | ગુણ | પ્રશ્ન સંખ્યા |
|---|---|---|---|
| ૧. | સામાન્ય જ્ઞાન (ગુજરાતનો સામાન્ય ઈતિહાસ, ગુજરાતની ભૂગોળ, ગુજરાતના સાહિત્યકાર, ગુજરાતના રમતવીર) | ૧૦ | ૧૦ |
| ૨. | ગુજરાતી વિષયનું સામાન્ય જ્ઞાન (સમાનાર્થી, વિરોધાર્થી, સંધિ, જોડણી, રૂઢી પ્રયોગ) | ૧૦ | ૧૦ |
| ૩. | અંગ્રેજી વિષયનું સામાન્ય જ્ઞાન(આર્ટિકલ,સીનોનીમ્સ અને એન્ટોનીમ્સ, ઓબ્જેકટીવ, સ્પેલીંગ) | ૧૦ | ૧૦ |
| ૪. | ગણિત વિષયનું સામાન્ય જ્ઞાન(સામાન્ય સરવાળા,બાદબાકી, ગુણાકાર, ભાગાકાર, સરેરાશ કાઢવી જેવા પ્રશ્નો) | ૧૦ | ૧૦ |
| ૫. | તાર્કિક પ્રશ્નો / રીઝનીંગ (આ માટે કોઈ નિશ્ચિત અભ્યાસક્રમ નથી) | ૦૫ | ૦૫ |
| ૬. | શિક્ષક અભિયોગ્યતા અને કમ્પ્યુટર વિષયને લગતા પ્રશ્નો (આ માટે કોઈ નિશ્ચિત અભ્યાસક્રમ નથી) | ૦૫ | ૦૫ |
| | | ૫૦ | ૫૦ |

## પ્રવેશ પરીક્ષા વિભાગ-૨ (૫૦ ગુણના MCQ)

| સ્નાતકનો વિષય | બી.એડ્. પ્રવેશ પરીક્ષાનો વિષય | પ્રવેશ પરીક્ષા અભ્યાસક્રમ |
|---|---|---|
| બી.એ. ગુજરાતી | ગુજરાતી | ધોરણ-૯ ૧૩ થી ૨૪ |
| બી.એ. હિન્દી, સિંધી, ઉર્દૂ | હિન્દી | ધોરણ-૯ ૧૩ થી ૨૪ |
| બી.એ. સંસ્કૃત | સંસ્કૃત | ધોરણ-૯ ૧૦ થી ૨૦ |
| બી.એ. અંગ્રેજી | અંગ્રેજી | ધોરણ-૯ (યુનીટ) ૫ થી ૧૧ (કાવ્ય) ૩-૪ |
| બી.એસસી. ગણિત અને આંકડાશાસ્ત્ર, B.E. તમામ વિષયો | ગણિત | ધોરણ-૯ પ્રકરણ - ૮ થી ૧૫ |
| બી.એસસી. ફિઝીક્સ, કેમેસ્ટ્રી,બાયોલોજી, બોટની, માઈક્રોબાયોલોજી, બી.એસસી. હોમસાયન્સ | રસાયણવિજ્ઞાન | ધોરણ-૯ પ્રકરણ - ૧,૨ |
| | જીવ વિજ્ઞાન | ધોરણ-૯ પ્રકરણ - ૫,૬,૭ |
| | ભૌતિક વિજ્ઞાન | ધોરણ-૯ પ્રકરણ - ૮,૯,૧૦ |
| બી.એ. અર્થશાસ્ત્ર | અર્થશાસ્ત્ર | ધોરણ-૧૧ ૬ થી ૧૧ |
| બી.એ. ઈતિહાસ, ભૂગોળ, રાજયશાસ્ત્ર, ભારતીય સંસ્કૃતિ, ફિલોસોફી, સમાજશાસ્ત્ર, બી.એ. હોમસાયન્સ અને મનોવિજ્ઞાન | સામાજીક વિજ્ઞાન | ધોરણ-૯ પ્રકરણ - ૪,૫,૬,૭,૧૦, ૧૧,૧૨,૧૬, ૧૭,૧૮,૧૯ |
| બી.કોમ. | નામાના મૂળ તત્વો | ધોરણ-૧૧ વિભાગ-૨ (પાઠ ૧ થી ૭) |
| કોમ્પ્યુટર | કોમ્પ્યુટર | ધોરણ-૯ પ્રકરણ - ૮ થી ૧૪ |

**ઉપરોક્ત પ્રવેશ પરીક્ષા અભ્યાસક્રમ ગુ.રા.શા.પા.પુ.મ.ના પ્રવર્તમાન પાઠ્યપુસ્તક મુજબ રહેશે.**

(૧) આ પ્રવેશ ફોર્મમાં કોલેજ પસંદગી ક્રમ આપતી વખતે નીચેની બાબતો ખાસ ધ્યાનમાં લેવી.
પ્રવેશ પરીક્ષા બાદ ફોર્મમાં આપેલ મોબાઈલ નં. ઉપર SMS દ્વારા યુઝર આઈ.ડી. અને પાસવર્ડ મોકલવામાં આવશે જેમના દ્વારા આગળની પ્રવેશ પ્રક્રિયા ઓનલાઈન કરી શકાશે. પ્રવેશ પરીક્ષા બાદ ઓનલાઈન સૂચના મુકવામાં આવશે ત્યારબાદ સૂચના ને અનુસરી વિદ્યાર્થી પોતાની પસંદગી મુજબ તમામ કોલેજને પસંદગી ક્રમ આપી શકશે વિદ્યાર્થીએ જે પસંદગી આપેલ હશે તે આધારે જ પ્રવેશ રાઉન્ડમાં પ્રવેશ ફાળવણી હાથ ધરવામાં આવશે.

(૨) વિદ્યાર્થીએ પસંદ કરેલ કોલેજ ક્રમ મુજબ મેરીટના આધારે તેને પ્રવેશ ફાળવવામાં આવશે. પ્રવેશ મેરીટના આધારે પસંદગી ક્રમ મુજબ જે કોલેજમાં પ્રવેશ મળતો હશે તો તેમને ત્રણ (૩) પસંદગીના વિકલ્પો પૈકી એક વિકલ્પ ફરજીયાત પસંદ કરવાનો રહેશે અન્યથા પ્રવેશ મેળવવા માંગતા નથી એમ માની લેવામાં આવશે.

વિકલ્પ (૧) હાલ મને જે કોલેજમાં પ્રવેશ મળે છે તે હું સ્વીકારૂ છું નિયમ મુજબની ફી ભરી પ્રવેશ પ્રક્રિયામાંથી બહાર નીકળુ છું.

(૨) હાલ મને જે કોલેજમાં પ્રવેશ મળે છે તે હું સ્વીકારૂ છું પરંતુ જો પછીના રાઉન્ડમાં મને ઉપર પસંદ કરે કોલેજમાં પ્રવેશ મળતો હોય તો હું લેવા માગુ છું.

(૩) હાલ મને જે કોલેજમાં પ્રવેશ મળે છે તેમાં પ્રવેશ લેવા ઈચ્છતો નથી પરંતુ આગળની પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લેવા માગું છું.

(૩) ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી-જૂનાગઢ સંલગ્ન શિક્ષણની કોલેજોમાં B.Ed. અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટે સંબંધિત વિષયમાં સ્નાતક હોવું જરૂરી છે.

(૪) NCTE ના નિયમ પ્રમાણે SC,ST અને SEBC કેટેગરી સિવાયના વિદ્યાર્થીઓ સ્નાતક કક્ષાએ અથવા તે જ વિષયના અનુસ્નાતક કક્ષાએ લઘુત્તમ ૫૦ ટકા ગુણ ધરાવતા હશે તો જ પ્રવેશ માટે પાત્રતા ધરાવશે. (અનામત કેટેગરી વાળા વિદ્યાર્થીઓને રાજય સરકારશ્રીના નોર્મ્સ મુજબ ૫% છુટ મળવા પાત્ર રહેશે. તે માટે તેમણે પ્રવેશ સમયે તેના પૂરાવા રજૂ કરવાના રહેશે.)

(૫) જો સ્નાતક કક્ષાએ જરૂરી ૫૦% અથવા અનામત કેટેગરી માટે ૪૫% પૂર્તતા થતી ન હોય તો અનુસ્નાતક કક્ષાએ ૫૦% અથવા અનામત કેટેગરીના વિદ્યાર્થીઓ માટે અનુસ્નાતક કક્ષાએ ૪૫% જરૂરી ગણાશે. જો તે અનુસાર પૂર્તતા નહિ થતી હોય તો આ અરજીપત્રક અને પ્રવેશ પરીક્ષાનું પરિણામ રદ ગણાશે.

(૬) બી.એડ્./એમ.એડ્. કોલેજોની પ્રવેશ કાર્યવાહી એક સાથે મધ્યસ્થ પ્રવેશ સમિતિ દ્વારા જ થશે. મેનેજમેન્ટ ક્વોટામાં પ્રવેશ મેળવવા ઇચ્છનારે પણ પ્રવેશ ફોર્મ ભરવું તથા પ્રવેશ પરીક્ષા આપવી ફરજિયાત છે.

(૭) બી.એડ્. મધ્યસ્થ પ્રવેશ સમિતિનાં કાર્યાલયનું સરનામું નીચે મુજબ છે.

> પ્રતિ,
> ચેરમેનશ્રી,
> બી.એડ્./એમ.એડ્. મધ્યસ્થ પ્રવેશ સમિતિ કાર્યાલય,
> એફ-૧૧, એફ. બિલ્ડીંગ,
> ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી
> ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા, જૂનાગઢ

(૮) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ જાતિ અંગેનું તેમજ 'ઉન્નત વર્ગ' ની વ્યકિત જૂથમાં સમાવેશ થતો નથી, તે માટે નીચે દર્શાવેલ સક્ષમ અધિકારીશ્રીઓ દ્વારા કઢાયેલ અથવા પ્રમાણિત થયેલો નિયત દાખલો નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં માન્ય હોય તે (૧) જિલ્લા મેજિસ્ટ્રેટ (૨) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ (૩) ડેપ્યુટી કમિશનર (૪) અધિક ડેપ્યુટી કમિશનર (૫) કલેકટર (૬) નાયબ કલેકટર (૭) મામલતદાર.

(૯) અનામતના તમામ નિયમો પ્રવેશ જાહેરાતના દિવસે અમલમાં હશે તે જ લાગુ પડશે.

(૧૦) બહારની યુનિવર્સિટીના ઉમેદવારે પ્રવેશ મળ્યેથી ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી-જૂનાગઢનું પ્રોવિઝનલ એલિજિબિલીટી સર્ટીફીકેટ રજૂ કરવાનું રહેશે.

(૧૧) વિદ્યાર્થી માટે જે તે કોલેજના શિસ્તના નિયમો બંધનકર્તા રહેશે.

(૧૨) ભવિષ્યમાં પ્રવેશ સંબંધી કોઇપણ પૂછપરછ માટે યુઝરનેમ અને પાસવર્ડનો ઉપયોગ કરવાનો રહેશે.

(૧૩) જે વિદ્યાર્થીઓનું ટી.વાય. નું રીઝલ્ટ આવ્યું ન હોય તે પણ આ ફોર્મ ભરી શકશે પરંતુ પ્રવેશ સમયે સ્નાતક કક્ષાએ તમામ સેમેસ્ટર પાસ હોવા તેમજ પ્રવેશ લાયકાત મુજબના ગુણ હોવા જરૂરી છે.

(૧૪) વિદ્યાર્થીનું મેરીટ લીસ્ટ પ્રવેશ પરીક્ષાના આધારે જાહેર કરવામાં આવશે.

(૧૫) વિદ્યાર્થીઓએ પ્રવેશના રાઉન્ડ બાદ કોલેજે લઇ જવાના પત્રકોની યાદી :

(અ) ડાઉનલોડ કરેલ એડ્મીશન મેમો અને ઓનલાઈન સબમીટ કરેલ પ્રવેશ ફોર્મની પ્રિન્ટ.

(બ) ધો. ૧૦,૧૨ અને સ્નાતક કક્ષા સુધીના તમામ ઓરીજીનલ ગુણપત્રક અને તેની દરેકની એક-એક ઝેરોક્ષ નકલ, શાળા છોડ્યા અંગેનું પ્રમાણપત્ર (**L.C.**)ની ઝેરોક્ષ નકલ.

(ક) અનામત કેટેગરી અથવા અન્ય કોઇપણ કેટેગરીનો લાભ લીધેલા ઉમેદવારોએ જે તે કેટેગરીના ઓરીજીનલ પ્રમાણપત્રો તથા દરેકની એક-એક ઝેરોક્ષ કોપી સાથે લાવવાની રહેશે અન્યથા તેમને અનામત / કેટેગરીનો લાભ મળી શકશે નહિ.

(ડ) **SEBC** કેટેગરીમાં આવતા ઉમેદવારોએ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે માન્ય હોય તેવું નોનક્રિમીલેયર સર્ટિફિકેટ પ્રવેશ સમયે રજૂ કરવાનું રહેશે. અન્યથા તેમને **SEBC** કેટેગરીનો લાભ મળી શકશે નહિ અને લીધેલો પ્રવેશ રદ થશે.

# • બી.એડ્. પ્રવેશના નિયમો •

૧. અનામત જૂથોની પ્રવેશ અંગેની ટકાવારીનું ધોરણ સરકારશ્રીના નિયમો મુજબ આ પ્રમાણે છે.

| અનામત જૂથ | અનામત પ્રવેશ અંગેની ટકાવારી | વિગત |
|---|---|---|
| SC | (7%) | |
| ST | (15%) | |
| SEBC | (27%) | |
| EWS | (10%) | આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે અનામત |
| PH/VH | (10%) | વિકલાંગ ધારા મુજબ |
| OUG | (7%) | |
| OU | (2%) | |
| EXS | (1%) | |
| શહિદવીરના સંતાન માટે (ઓન ડ્યુટી) | | દરેક કોલેજમાં એક સીટ |

૨. ટી.વાય.ની પરીક્ષા પાસ કરેલ હોય અથવા આ વર્ષે ટી.વાય. ની પરીક્ષા આપવાના હોય અને સેમ. ૧ થી ૫ પાસ હોય તેવા વિદ્યાર્થીઓ પ્રવેશ પરીક્ષા આપવાપાત્ર ગણાશે.

૩. એન.સી.ટી.ઈ.ના નિયમોનુસાર સ્નાતક કક્ષાએ અથવા અનુસ્નાતક કક્ષાએ જરૂરી ૫૦% જનરલ કેટેગરી માટે તેમજ રીઝર્વ કેટેગરીના વિદ્યાર્થીઓ માટે ૪૫% ગુણ મેળવવા ફરજિયાત છે.

૪. પ્રવેશ સંપૂર્ણપણે પ્રવેશ પરીક્ષાના મેરીટના ધોરણે અપાશે, પરંતુ મહિલા કોલેજમાં પુરૂષ ઉમેદવાર પ્રવેશપાત્ર નથી.

૫. સ્વનિર્ભર સંસ્થાઓ માટે ફીનું ધોરણ સરકારશ્રી અને સરકારશ્રી દ્વારા નિયુકત ફી નિર્ધારણ સમિતિ જે નકકી કરે તેને આધિન રહેશે, જે પ્રવેશપાત્રને બંધનકર્તા રહેશે.

૬. પ્રવેશ પરિક્ષામાં મેળવેલ ગુણને આધારે મેરીટ લીસ્ટ તૈયાર કરવામાં આવશે.
જો પ્રવેશ ગુણાંક સરખા હશે તો નીચે મુજબના ક્રમ પ્રમાણે ક્રમશઃ કાર્યવાહી કરીને અગ્રતાક્રમ નકકી કરવામાં આવશે.
(૧) ધોરણ-૧૨ના ગુણ (૨) ધોરણ-૧૦ના ગુણ (૩) જન્મ તારીખ (જે મોટો હોય તે)

૭. પ્રવેશગુણાંક વિષયની પસંદગી, બેઠક ફાળવણી, કોલેજ પસંદગી વગેરેનું અર્થઘટન કરવામાં **બી.એડ્./એમ.એડ્. મદ્યસ્થ પ્રવેશ સમિતિનો** નિર્ણય આખરી ગણાશે.

૮. પ્રવેશની સમગ્ર પ્રક્રિયા દરમ્યાન ઉમેદવાર તરફથી સમિતિના કોઈપણ સભ્યને ધાકધમકી કે દબાણ કરવામાં આવશે તો પ્રવેશ રદ કરવાનો અધિકાર પ્રવેશ સમિતિનો રહેશે.

૯. પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ પ્રવર્તમાન કોલેજો કરતાં કોલેજોની સંખ્યા વધે કે પ્રવેશ અપાયા પછી રદ કરવામાં આવે કે અન્ય કોઈ રીતે જગ્યા ખાલી પડે તો રીશફલીંગ કરવામાં આવશે.

૧૦. કોઈ પણ યુનિવર્સિટી દ્વારા સજા પામેલા ઉમેદવાર પ્રવેશપાત્ર ગણાશે નહિં, શરતચૂકથી પ્રવેશ મેળવેલ / અપાયેલ આવા વિદ્યાર્થીઓનો પ્રવેશ જાણ થતાની સાથે જ રદ થશે. ઉપરાંત વિદ્યાર્થી અથવા પ્રવેશ સમિતિની ભૂલને કારણે અપાયેલ પ્રવેશ જાણ થતા જ રદ કરાશે.

૧૧. ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સીટી જૂનાગઢ સંલગ્ન તમામ બી.એડ્. કોલેજની જરૂરી વિગતો પ્રવેશ પ્રક્રિયા શરૂ થયા પૂર્વે વેબસાઈટ પર મુકવામાં આવશે.

## અગત્યનું સમયપત્રક

# Steps to be followed by the University and Colleges for Admission Process in PG Program including B.Ed. through GCAS

## After Conducting Entrance Test/Interview (Extended Timeline)

For affiliated and constituent colleges / Department of following Universities (Bhakta Kavi Narsinh Mehta University; Hemchandracharya North Gujarat University; Indian Institute of Teacher Education; Saurashtra University & Veer Narmad South Gujarat University) where admission is offered in any/all PG Programs including B.Ed. after conducting Entrance Test/Interview.

| Days | Steps | Process | Action to be Performed by |
|---|---|---|---|
| **Round 1** | | | |
| 21-05-2024 to 13-06-2024 | | Application fill up, choice filling, registration fees payment and submission by Students on GCAS Portal | Students |
| 14-06-2024 | STEP 1 | Data Pull-Push by GCAS and Colleges | GCAS and University / College |
| 15-06-2024 to 24-06-2024 | STEP 2 | Final Admission Offer preparation and offering Admission through GCAS Portal after conducting Entrance Test/Interview (University will declare dates and guidelines for the same and inform to the students.) | University / College |
| 25-06-2024 to 29-06-2024 | STEP 3 | Reporting by Students | University / College |
| **Round 2** | | | |
| 01-07-2024 to 02-07-2024 | STEP 1 | Data Pull-Push by GCAS and Colleges | GCAS and University / College |
| 03-07-2024 to 05-07-2024 | STEP 2 | New Admission Offer Preparation as per the remaining intake and Offering Admission through GCAS Portal | University / College |
| 06-07-2024 to 09-07-2024 | STEP 3 | Reporting by Students | University / College |

GCAS પોર્ટલ પર ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભર્યા બાદ આગળની યુનિવર્સિટી દ્વારા કરવાની થતી પ્રવેશ પ્રક્રિયાનું વિગતવાર સમયપત્રક યુનિવર્સિટી વેબસાઈટ પર B.Ed./M.Ed. Admission પોર્ટલ પર મુકવામાં આવશે જે જોતા રહેવું તથા તે મુજબ સૂચના અનુસરી આગળની કાર્યવાહી કરવાની રહેશે.

## :: વિશેષ નોંધ ::

**ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી-જૂનાગઢ સંલગ્ન બી.એડ્./એમ.એડ્. કોલેજોની યાદી તથા કોલેજ ફી ની વિગત આગામી દિવસોમાં એડમીશન પોર્ટલ પર પ્રસિધ્ધ કરવામાં આવશે.**

# B.Ed. / M.Ed. Central Admission Committee -2024

| ક્રમ | સમિતિના સભ્યશ્રીનું નામ | હોદ્દો |
|---|---|---|
| ૧ | ડૉ. જય ત્રિવેદી<br>ચેરમેન, શિક્ષણ વિદ્યાશાખા – ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ | ચેરમેનશ્રી અને<br>નોડલ ઓફિસર |
| ૨ | ડૉ. ભરત બી. રામાનુજ<br>ડીપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ | સભ્યશ્રી |
| ૩ | ડૉ. મહેશ કે. જોધાણી<br>આચાર્યશ્રી, શ્રી સરદાર પટેલ મહિલા બી.એડ્. કોલેજ, જૂનાગઢ | સભ્યશ્રી |
| ૪ | ડૉ. રામચંદ્ર મહેતા<br>પ્રાધ્યાપકશ્રી, રામબા ગવર્નમેન્ટ ટીચર્સ ટ્રેઈનીંગ કોલેજ, પોરબંદર | સભ્યશ્રી |
| ૫ | ડૉ. કશ્યપભાઈ જોષી<br>પ્રાધ્યાપકશ્રી, રામબા ગવર્નમેન્ટ ટીચર્સ ટ્રેઈનીંગ કોલેજ, પોરબંદર | સભ્યશ્રી |
| ૬ | ડૉ. હિનાબેન ઓડેદરા<br>આચાર્યશ્રી, ડૉ. વી. આર. ગોઢાણીયા બી.એડ્. કોલેજ, પોરબંદર | સભ્યશ્રી |
| ૭ | ડૉ. કમલેશ પરમાર<br>આચાર્યશ્રી, ડૉ. સુભાષ કોલેજ ઓફ એજ્યુકેશન (સે.ફા.), જૂનાગઢ | સભ્યશ્રી |
| ૮ | ડૉ. ફિરોઝ શેખ<br>ખાસ ફરજ પરના અધિકારી (એકેડેમિક) – ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ | ગ્રિવન્સ રિડ્રેસલ<br>નોડલ ઓફિસર |
| ૯ | ડૉ. સંદિપ વાઢેર<br>આચાર્યશ્રી, શ્રી શારદાપીઠ આર્ટ્સ, કોમર્સ એન્ડ કોલેજ ઓફ એજ્યુકેશન, દ્વારકા | ગ્રિવન્સ રિડ્રેસલ<br>નોડલ ઓફિસર |
| ૧૦ | ડૉ. કિર્તિબા વાઘેલા<br>નાણા અને હિસાબી અધિકારી | કો–ઓર્ડીનેટર<br>(એકાઉન્ટ અને એડમીન) |
| ૧૧ | ડૉ. મયંક એચ. સોની<br>મદદનિશ કુલસચિવ (એકેડેમિક) | કો–ઓર્ડીનેટર<br>(એકાઉન્ટ અને એડમીન) |
| ૧૨ | ભૂમિકાબેન રાજગોર | કો–ઓર્ડીનેટર<br>(ટેકનીકલ) |

BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY
JUNAGADH
|| तमसो मा ज्योतिर्गमय ||







બી.એડ્. પ્રવેશ માહિતી પુસ્તિકા-૨૦૨૪, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી-જૂનાગઢ